| | |
|---|---|
| **આસી. મ્યુની કમિશનરશ્રી**<br>**સુરત મહાનગરપાલિકા** | **આઈ.સી.ડી.એસ વિભાગ**<br>**પેહલો માળ, દિલ્હી ગેટ,**<br>**પોલીસ ચોકીની ઉપર,**<br>**દિલ્હી ગેટ,સુરત પીન.૩૯૫૦૦૩** |

પ્રતિ,

.......................................................

.......................................................

.......................................................

વિષય :–  ખાલી બેગનો ભંગારમાં  વેચાણ કરવા જોગ ભાવ પત્રક  આપવા બાબત.

મહાશય,

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલીત આઈ.સી.ડી.એસ વિભાગમાં ખાલી બેગોનો  ભંગારમાં નિકાલ કરવાનો હોય જેની એપ્રીલ –૨૦૨૪ થી ડિસેમ્બર–૨૦૨૪ સુધીની માહિતી નીચે મુજબ છે તેમજ  જાન્યુઆરી–૨૦૨૫ થી માર્ચ–૨૦૨૫ સુધીનો જથ્થો અત્રેના વિભાગ દ્વારા આપવામાં આવશે. જેથી કામગીરીમાં રસ ધરાવનાર સંસ્થાઓ / વ્યકિતઓએ નિયત પત્રક મુજબ ભાવ પત્રક (કવોટેશન) તમારા લેટર પેડ પર સીલબંધ કવરમાં ઓફિસ સમય દરમ્યાન **તા.૧૫/૦૪/૨૦૨૫ થી તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પેહલો માળ આઈ.સી.ડી.એસ વિભાગ, દિલ્હી ગેટ પોલીસ ચોકી ઉપર, સુરત પીન.૩૯૫૦૦૩** ને ફકત રજી. એડી પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી બાનાની રકમ પેટે સુરત મહાનગર પાલિકા, સુરતના નામનો **રૂા.૩,૦૦૦/–** નો ડીમાન્ડ ડ્રાફટ/ પે–ઓર્ડર સહિત મોકલી આપવાનું રહેશે.

**પત્રક**

| અ.નં | વિગત | ખાલી બેગોની કુલ સંખ્યા | એક નંગ નો ભાવ રૂ.માં | કુલ રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| ૧ | ચોખાની ખાલી બેગો (૫૦ કિ.ગ્રા શણ બેગ) | ૭૪૮૬ | | |
| ૨ | ઘઉની ખાલી બેગો (૧૦ કિ.ગ્રા પ્લાસ્ટીક બેગ) | ૨૪૨૭૮ | | |
| ૩ | બાલ શકિત્ત ખાલી બેગો (૧૦ કિ.ગ્રા પ્લાસ્ટીક બેગ) | ૪૯૮૧૧ | | |
| ૪ | માતૃ શકિત્ત ખાલી બેગો (૧૦ કિ.ગ્રા પ્લાસ્ટીક બેગ) | ૧૯૩૫૪ | | |
| ૫ | પૂર્ણા શકિત્ત ખાલી બેગો (૧૦ કિ.ગ્રા પ્લાસ્ટીક બેગ) | ૨૯૮૯૭ | | |

-SD-

**આસી.મ્યુનિ કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**

## –: શરતો અને બોલીઓ :–

| | |
|---|---|
| ૧ | ખાલી બેગોના ભાવ સીલ બંધ કવરમાં ઓફિસ સમય દરમ્યાન તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં પેહલો માળ આઈ.સી.ડી.એસ વિભાગ, દિલ્હી ગેટ પોલીસ ચોકી ઉપર, સુરત પીન.૩૯૫૦૦૩ ને ફકત રજી. એડી પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. |
| ૨ | બાનાની રકમ પેટે સુરત મહાનગર પાલિકા, સુરતના નામનો રૂા.૩,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે–ઓર્ડર ભાવ પત્રક સાથે સીલ બંધ કવરમા આપવાનું રહેશે. |
| ૩ | ઉપરોકત ખાલી બેગો અક્ષયપાત્ર ફાઉંડેશન, શ્રી પોપટલાલ ઠક્કર ચેરીટેબલ ટ્રસ્ટ અને અખિલ હિંદ મહિલા પરિષદ સુરત ખાતે ઉપસ્થિત છે. |
| ૪ | બાલશક્તિ,માતૃશક્તિ તેમજ પૂર્ણાશક્તિની ખાલી બેગો અત્રેની કચેરી ધ્વારા જણાવવામાં આવે તે સ્થળ પરથી ઉપાડ કરવાનો રહેશે. |
| ૫ | ભાવ પત્રક (કવોટેશન) સીલ બંધ કવર ઉપર ખાલી બેગો અંગેનું ભાવ પત્રક અવશ્ય લખવાનું રહેશે. |
| ૬ | ભાવ પત્રક (કવોટેશન) તારીખ ના સમય સાંજે ૫:૦૦ કલાક બાદ સ્વીકરવામાં આવશે નહીં. |
| ૭ | ભાવ પત્રક (કવોટેશન) માં ઓવર રાઈટીંગ તેમજ ભરેલ ભાવો છેક છાક કરેલ હશે તો ધ્યાનમાં લેવામાં આવશે નહી. |
| ૮ | ભાવ પત્રક (કવોટેશન) મંજુર કે ના મંજુર કરવાની સત્તા અત્રેની આઇ. સી. ડી. એસ. કચેરીને અબાધિત રહેશે, જેના પાછળથી કોઇ પણ કારણો આપવામાં આવશે નહીં. |
| ૯ | ખાલી બેગોનો જથ્થો જે સ્થીતિમાં હશે, તે સ્થીતિએ તે જગ્યાએ થી ઉપાડવાનો રહેશે તેમજ તે બાબતે અત્રેની ઓફિસ અથવા તો સંસ્થા સાથે કોઈ પણ તકરાર કરવાની રહેશે નહી. |
| ૧૦ | ઈજારદારે સુરત મહાનગરપાલિકામાં ઈજારદાર તરીકેનો પાર્ટીકોડ મેળવવાનો રહેશે જે અંગેના જરૂરી ડોકયુમેન્ટસ અચુક રજુ કરવાના રહેશે. |
| ૧૧ | ઈજારદારે આઈ.સી.ડી.એસ વિભાગની તમામ સુચના નું પાલન કરવાનું રહેશે. |

**ઉપરોકત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.**

**તા.  /  /**

______________________

**ઈજારદારની સહી**

-SD-

**આસી.મ્યુનિ. કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**